
## ડાયરેક્ટ ❤ સે

આર્થિક સ્થિતિ
ગમે તેટલી સારી હોય
ફરક નથી પડતો
જીવનનો
સાચો આનંદ લેવા માટે
માનસિક સ્થિતિ
સારી હોવી જોઈએ

## જન્મદિને વધામણી


અરૂણભાઈ બુચ
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મંડળ
ફોન : ૨૩૨ ૬૦૩૭૦


નારણભાઈ ચુડાસમા
મો. ૯૭૨૬૯ ૮૨૪૯૧


આદિલહુસેન આઈ સૈયદ


વિઠ્ઠલભાઈ જે પરમાર
મો. ૯૩૭૪૬ ૯૬૮૦૮


દિપિકાબેન અશેષકુમાર ત્રિવેદી


વરૂણ ચિરાગભાઈ વ્યાસ
ફોન : ૯૦૯૯૯ ૦૩૯૪૯


યશ્વી સંદીપકુમાર વ્યાસ
મો. ૯૪૦૮૭ ૬૦૭૫૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા

# ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને કેમેસ્ટ્રીમાં ત્રણ ગુણનો લાભ અપાયો

### અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને કેમેસ્ટ્રીમાં ૨ ગુણ મળશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો-૧૨ સાયન્સની પરીક્ષામાં મુખ્ય ચાર વિષયની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાઈ છે. જેમાં કેમેસ્ટ્રીમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને પરિણામ પહેલા જ ત્રણ ગુણ મળશે. ત્રણ પ્રશ્નોમાં તમામ વિદ્યાર્થીઓને એક-એક ગુણ આપવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને કેમેસ્ટ્રીમાં ૨ ગુણ મળશે.

બોર્ડ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી ધો-૧૨ સાયન્સની પરીક્ષાના મુખ્ય ચાર વિષય ગણિત, કેમેસ્ટ્રી, બાયોલોજી અને ફિઝિક્સની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી છે. આ ચારેય વિષયમાં પાર્ટ-એના એમસીક્યુની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાઈ છે. આ પ્રોવિઝનલ આન્સર કી સામે કોઈ વાંધા હોય તો પુરાવા સાથે બોર્ડને ૮ એપ્રિલ સુધી ઈ-મેઈલથી રજૂઆત કરી શકાશે. પ્રશ્નદીઠ રૂ. ૫૦૦નું ચલણ પણ જમા કરાવવાનું રહેશે. જો વાંધો સાચો હશે તો તેમને રૂ. ૫૦૦ પરત અપાશે. .

બોર્ડ દ્વારા જાહેર કરાયેલી પ્રોવિઝનલ આન્સર કીમાં ગણિતમાં તમામ માધ્યમના પેપરમાં એક પ્રશ્નમાં બે ઓપ્શન સાચા હોવાનું જણાતા બંનેમાંથી કોઈ પણ એક ઓપ્શન લખ્યું હશે તેને સાચું ગણાશે. જ્યારે બાયોલોજીમાં ૨ પ્રશ્નોમાં બે ઓપ્શન સાચા હોઈ તેમાં પણ ગમે તે એક ઓપ્શન લખનારને માર્ક મળશે. જ્યારે કેમેસ્ટ્રીમાં અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં ૧ પ્રશ્નના ૩ ઓપ્શન સાચા છે જ્યારે ૨ પ્રશ્નોમાં તમામ વિદ્યાર્થીઓને એક-એક ગુણ આપવાનું નક્કી કરાયું છે. જ્યારે ગુજરાતી માધ્યમમાં ૧ પ્રશ્નના ત્રણ ઓપ્શન સાચા છે, જ્યારે ૩ પ્રશ્નોમાં તમામ વિદ્યાર્થીઓને એક-એક ગુણ આપવાનો નિર્ણય લેવાયો છે.

# જીએસટીને લીધે સ્કૂલ બેગ્સ ૨૫થી ૩૦ ટકા મોંઘી થશે

ગાંધીનગર, તા. ૩

બોર્ડની પરીક્ષાઓ પૂરી થઈ ગઈ છે. શાળાઓમાં વાર્ષિક પરીક્ષા માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ત્યારે પરીક્ષા બાદના વેકેશન માટે વિદ્યાર્થીઓ અત્યારથી જ પ્લાનિંગ કરી રહ્યા છે.

બીજી તરફ ઉઘડતી શાળાએ બાળકો માટે સ્કૂલ બેગ ખરીદનાર વાલીઓને GSTને લીધે સ્કૂલ બેગની ખરીદી ૨૫થી ૩૦ ટકા મોંઘી પડશે તેમ બેગ્સ એસો.ના હોદ્દેદારો જણાવી રહ્યા છે. માત્ર ગુજરાતમાં જ સ્કૂલ બેગ્સનું ૫૦૦ કરોડથી વધુનું માર્કેટ છે. સ્કૂલ બેગના ભાવ વધારા માટે GST જ જવાબદાર હોવાની માહિતી આપતાં એસો.ના પ્રેસિડેન્ટે જણાવ્યું હતું કે, સ્કૂલ બેગ ઉપર પહેલા માત્ર પાંચ ટકા જ વેટ લાગતો હતો. જે હવે ૧૮ ટકા GST થઈ ગયો છે.

સાથે સાથે બેગના રો-મટીરિયલ પર પાંચ ટકા જ વેટ હતો તે વધારીને ૧૨ ટકા GST થઈ ગયો છે. આમ બેવડા મારને કારણે સ્કૂલબેગના ભાવમાં ૨૫થી ૩૦ ટકાનો ભાવ વધારો નક્કી જ છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ૭૫ લાખથી વધુ સ્કૂલબેગનું વર્ષ દરમિયાન વેચાણ થાય છે. એક અંદાજ મુજબ ગુજરાતમાં સ્કૂલબેગનું માર્કેટ ૫૦૦ કરોડથી વધુનું છે. GSTના અમલને લઈને જે ભાવ વધારો થશે તે વાલીઓને ભોગવવાનું થશે. આ ભાવ વધારાને લઈને વાલીઓમાં ચોક્કસ નારાજગી પણ જોવા મળશે.

બેગ્સ એસો.ની મળેલી એક મીટિંગમાં સ્કૂલબેગને લકઝરી બેગ્સ સાથે ગણીને તેના પર ૧૮ ટકા GST લાદી દેવામાં આવ્યો છે, તે અયોગ્ય હોવાથી સ્કૂલ બેગ પરનો GST ૧૮ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરી દેવા માટે પણ સરકાર સમક્ષ ઉગ્ર રજૂઆત કરવામાં આવશે. જે અંગેની વ્યૂહરચના આગામી દિવસોમાં ઘડવામાં આવશે.

## અમીયાપુરની તપોવન સંસ્કારપીઠ ખાતે અનુભવી શિક્ષક દ્વારા હસ્તાક્ષર સુધારણા પ્રૉજેક્ટનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૩

કૂમળા છોડને જેમ વાળીએ તેમ વળે તે ઉક્તિ અનુસાર બાળપણથી જ અક્ષરસુધારણા માટે બાળકો પર પૂરતું ધ્યાન રાખવામાં આવે તો તેના હસ્તાક્ષર સદા સુંદર બની રહે. તપોવન સંસ્કારપીઠ વિદ્યાલય, અમિયાપુર મુકામે હસ્તાક્ષર સુધારણા માટે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવે છે.

વિશેષરૂપે તપોવનના નિવૃત્ત ભાષાશિક્ષક રોહિતભાઈ જોષીએ ગમ્મત સાથે જ્ઞાનની લાક્ષણિક શૈલીમાં ભાષાના કૌશલ્યો, વાચન, પઠન, શ્રવણ, લેખન અંગે સમજૂતી આપી તેમણે સરળ શૈલીમાં હસ્તાક્ષર સુધારણા વિષયક જોડકણાં, બાલગીતો પ્રસ્તુત કરી વાક્યક્રમ, હ્રસ્વઈ, દીર્ઘઈ, અનુસ્વાર તથા જોડણીમાં ફેરફાર થતાં તેના અર્થમાં તથા ફેરફાર વગેરે બાબતો તેમણે અનેક ઉદાહરણો સહ પ્રસ્તુત કરી હતી. બાળકોને આ ઉપક્રમમાં ખૂબ રસ પડ્યો હતો.

# દેના ગુજરાત ગ્રામીણ બૅન્કની મીટિંગ યોજાઈ



ગાંધીનગર, તા. ૩

દેના બૅન્કના ઍક્ઝીક્યુટીવ ડિરેક્ટર ડૉ. રાજેશકુમાર યદુવંશી તથા દેના બૅન્ક, ગુજરાતના ફિલ્ડ જનરલ મૅનેજર વીઍસબીસીએ ગાંધીનગર ખાતે ગુજરાત ગ્રામીણ બૅન્કના ચૅરમૅન બી ઍસ લુથરા, જનરલ મૅનેજર રાકેશ ચલાવરીયા, રીજનલ મૅનેજર રો તથા શાખા પ્રબંધકો સાથે મીટિંગ કરી હતી.

મીટિંગમાં દેના ગુજરાત ગ્રામીણ બૅન્કના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ૨૦૧૭-૧૮માં બૅન્કના વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શાખા પ્રબંધકોને ટ્રૉફી એનાયત કરીને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા તથા બૅન્કના વિકાસ માટે શાખા પ્રબંધકોનો ઉત્સાહ વધાર્યો હતો. દેના ગુજરાત ગ્રામીણ બૅન્કના ચૅરમૅન બી ઍસ લુથરા દ્વારા વર્ષ દરમિયાન બૅન્ક દ્વારા કરવામાં આવેલી વિવિધ કામગીરીની રૂપરેખા આપવામાં આવી હતી.

દેના બૅન્કના ઍક્ઝીક્યુટિવ ડિરેક્ટર ડૉ. યદુવંશીએ સૌ દેના બૅન્કના સહયોગથી વધુમાં વધુ પ્રગતિ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મીટિંગનું સંચાલન દેના ગુજરાત ગ્રામીણ બૅન્કના હેડ ઑફિસના અધિકારીઓએ કર્યું હતું.

### ગુજરાત યુનિવર્સિટીની પ્રવેશ સમિતિ દ્વારા

# યુજી-પીજી માટે સૅન્ટ્રલાઈઝ ઍડમિશનનો નિર્ણય

ગાંધીનગર, તા. ૩

ગુજરાત યુનિવર્સિટીમાં સોમવારે પ્રવેશ સમિતિની બેઠક મળી હતી. જેમાં યુ.જી. એટલે કે અંડર ગ્રેજ્યુએશન અને પી. જી. એટલે કે પોસ્ટ ગ્રેજ્યુએશન બન્નેમાં ઓનલાઈન સેન્ટ્રલાઈઝ એડમિશન કરવાનું નક્કી કરાયું હતું. યુ.જી.માં બે રાઉન્ડ બાદ ખાલી પડનારી બેઠકો ભરવાની સત્તા કોલેજોને સોંપાશે. જયારે પી.જી.માં ઓનલાઈન પ્રક્રિયાનો એક રાઉન્ડ કરવો કે બે રાઉન્ડ તે અંગે પ્રવેશ સમિતિના સભ્યોના રિવ્યૂ માગવામાં આવ્યા છે. આગામી તા. ૧૫મીએ આ રિવ્યૂ આવ્યા બાદ આખરી નિર્ણય જાહેર કરાશે. કોલેજોમાં પ્રવેશ માટે મોટાપાયે ડોનેશન અને લાગવગશાહી ચાલતી હોવાની ફરિયાદોના આધારે ચાર વર્ષ પહેલા તમામ ફેકલ્ટીની પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન અને સેન્ટ્રલાઈઝ સિસ્ટમ દાખલ કરાઈ હતી. એડમિશન કમિટીનીબેઠકમાં UG-PG કોર્સમાં સેન્ટ્રલાઈઝ સિસ્ટમ પ્રમાણે પ્રવેશ પ્રક્રિયા કરવાનું નક્કી કરાયું છે.

પરંતુ ઓન લાઈન પ્રવેશના બે રાઉન્ડ બાદ પ્રવેશ પ્રક્રિયા જે તે કોલેજને સોંપી દેવાશે. કોલેજોએ ખાલી પડેલી બેઠકો પર પોતાના મેરિટનો ભંગ ન થાય તે પ્રમાણે બાકીના પ્રવેશ આપવાના રહેશે. હાલ યુ.જી. અને પી.જી. બન્નેમાં આજ પ્રકારે પહેલા બે રાઉન્ડ ઓનલાઈન કરવાનું નક્કી કરાયુ છે.

# મા અમૃતમ યોજનાનો વ્યાપ રાજ્ય સરકાર દ્વારા વધારાયો

ગાંધીનગર, તા. ૩

ગુજરાત સરકારની લોકપ્રિય મા અમૃતમ અને વાત્સલ્ય યોજનાનો વ્યાપ વધારવામાં આવ્યો છે. તાજેતરમાં રાજ્ય સરકારના બજેટ દરમિયાન તેની જાહેરાત કરવામાં આવી હતી અને હવે, ૧લી, એપ્રિલ, ૨૦૧૮થી તેનો અમલ થાય તે રીતે તેનો સુધારલો ઠરાવ પણ જાહેર કરી દેવાયો છે. આ નવા સુધારા પ્રમાણે હવેથી રૂપિયા ૩ લાખની પારિવારિક વાર્ષિક આવક ધરાવતાં કોઈપણ મધ્યમ વર્ગના કુંટુંબને અને રૂપિયા ૬ લાખની વાર્ષિક આવક ધરાવતાં કુટુંબના સિનિયર સિટિઝનને ગંભીર બીમારીઓમાં વાર્ષિક રૂ. ૩ લાખની મર્યાદામાં કેશલેશ સારવાર મળી શકશે. આ સુધારામાં ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટ માટે પણ રૂ. ૪૦,૦૦૦ની સહાય ઉપરાંત કિડની ટ્રાન્સપ્લાન્ટ, લીવર ટ્રાન્સપ્લાન્ટ, કિડની, પેન્ક્રીયાઝ ટ્રાન્સપ્લાન્ટની સારવારને પણ ઉમેરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા અગાઉ માત્ર બીપીએલ કુંટુંબો માટે આ યોજના શરૂ કરવામાં આવી હતી પરંતુ તે પછી નવી યોજના શરૂ કરીને તેમાં અન્ય પછાત વર્ગોને પણ સામેલ કરવામાં આવ્યા હતા ત્યારબાદ પણ આ યોજનાના પ્રતિસાદને જોઈ સરકારે તેનો લાભ રૂ. ૨.૫૦ લાખ સુધીની આવક મર્યાદાવાળાને પણ આપવાનું શરૂ કર્યું હતું. જોકે, તેની માંગ સતત વધતાં નાણામંત્રીએ આ વખતના સરકારના બજેટમાં તેનો વ્યાપ ફરથી વધારવાની જાહેરાત કરી હતી અને તે મુજબ યોજનાના ઠરાવમાં સુધારો કરીને તેનો અમલ શરૂ કરી દેવાયો છે.

### હવામાન ખાતા દ્વારા ઉનાળો આકરો રહેવાની ચેતવણી

# ગરમીનો પારો હવે ચડશે : જૂન સુધી રહેશે

ગાંધીનગર, તા. ૩

દેશમાં આ વર્ષે એપ્રિલથી જૂનમાં લોકોને આગઝરતી ગરમીનો સામનો કરવો પડશે તેવી ચેતવણી હવામાન ખાતાએ આપી છે. મોટાભાગના વિસ્તારોમાં તાપમાન મોસમની સરેરાશથી વધુ રહેશે. ગુજરાતમાં પણ ઉનાળો આકરો રહેશે. હવામાન ખાતાએ જણાવ્યું હતું કે 'ગરમીની આગામી મોસમ (એપ્રિલથી જૂન) દેશના મોટાભાગના મેટિઓરોલોજિકલ સબ-ડિવિઝનલમાં સરેરાશ તાપમાનથી વધુ રહેવાની ધારણા છે. જોકે, દેશના પૂર્વી, પૂર્વ મધ્ય અને દક્ષિણના ભાગોમાં તાપમાન સીઝનની સરેરાશથી સામાન્ય રહી શકે છે. અલબત્ત, એક રાહતજનક સમાચાર એ છે કે મોટાભાગના સબડિવિઝન્સમાં સરેરાશ તાપમાન ગત વર્ષની સરખામણીએ વધુ ઠંડું રહે તેવી શક્યતા છે. ઉત્તરપશ્ચિમ અને ઉત્તર ભારતમાં આ સ્થિતિ રહેશે. જોકે પૂર્વ, પૂર્વ મધ્ય અને દક્ષિણ બાજુના સબડિવિઝિન્સમાં સામાન્યથી સહેજ સામાન્ય લઘુત્તમ તાપમાન રહે તેવી ધારણા છે તેમ હવામાન ખાતાએ જણાવ્યું છે. .

જમ્મુ અને કાશ્મીર, પંજાબ, હરિયાણા, ચંડીગઢ, દિલ્હી અને હિમાચલ પ્રદેશમાં મોસમનું સરેરાશ મહત્તમ તાપમાન સામાન્યથી એક ડિગ્રી સેલ્સિયસ વધુ ગરમ રહે તેવી ધારણા છે. તે ઉત્તરાખંડ, પશ્ચિમી ઉત્તર પ્રદેશ તેમજ પૂર્વી અને પશ્ચિમી રાજસ્થાનમાં ૦.૫થી એક ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે તેવી ધારણા છે. બાકીના સબડિવિઝન્સ સામાન્ય મહતમ તાપમાનમાં ફેરફાર અનુભવ કરે તેવી આગાહી હવામાન ખાતાએ કરી છે. એવી જ રીતે પંજાબ, હરિયાણા, ચંડીગઢ, દિલ્હી, પશ્ચિમી ઉત્તર પ્રદેશ અને પૂર્વ અને પશ્ચિમ રાજસ્થાનમાં મોસમનું સરેરાશ તાપમાન સામાન્યથી એક ડિગ્રી સેલ્સિયસ જેટલું વધુ રહે તેવી શક્યતા છે. જેના કારણે ગરમી વધી શકે છે.

જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વી ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પૂર્વ અને પશ્ચિમ મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, વિદર્ભ, મધ્ય મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ૦.૫થી એક ટકા ડિગ્રી સેલ્સિયસ વધુ રહે તેવી સંભાવના છે.

## શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી ખાતે કમ્પ્યુટર વિષયે તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૩

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટૅકનોલૉજી, ભાટ અને આઈબીએમ, બૅગ્લોરના સંયુક્ત ઉપક્રમે આઈઓટી, ક્લાઉડ કમ્પ્યુટીંગ અને બીગ ડેટા વિષય પર એક દિવસીય ઍડવાન્સ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના કમ્પ્યુટર ઈજનેરી શાખાના ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કમ્પ્યુટર ઍન્જિનીયરિંગના પ્રૉફેસર અને હેડ ઑફ ડિપાર્ટમેન્ટ પ્રૉ. વિજયકુમાર ગઢવીએ જણાવ્યું કે આવનાર સમયમાં આઈઓટી, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, બીગ ડેટા, ક્લાઉડ કમ્પ્યુટીંગમાં ખૂબ જ તક રહેલી છે, જે બાબતે આ તાલીમ કાર્યક્રમ પ્રોગ્રામ ખૂબ જ મહત્ત્વનો સાબિત તશે અને આ વિષયના નિષ્ણાતોની આવનારા સમયમાં ખૂબ જ માંગ વધવાની શક્યતાઓ રહેલી છે.

વિદ્યાર્થીઓએ આ તાલીમ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિષયમાં પણ રસ દાખવ્યો હતો. નિષ્ણાતને તેમણે અનેક પ્રકારના સવાલો પણ પૂછ્યા હતા, જેના સંતોષકારક જવાબો પણ વિષય નિષ્ણાત દ્વારા પાઠવવામાં આવ્યા હતા.

# આપણાં સંબંધો : અ વિઝન ફૉર ધ ફ્યુચર




હિન્દી ફિલ્મ સંગીતકાર મદન મોહનજી. ભારતીય હિન્દી ફિલ્મ સંગીત અને તેમાં પણ ખાસ કરીને ફિલ્મી ગઝલોની જો યાદી તૈયાર કરીએ તો મદન મોહનજીના નામ અને તેની સ્વરબધ્ધ કરેલી ગઝલો વિના એ યાદી અધૂરી રહે. મદન મોહનજીએ હિન્દી ફિલ્મ ગઝલોને એક નવો આયામ આપ્યો હતો. એક નવી ઊંચાઈ આપી હતી. એક નવો ખયાલ આપ્યો હતો. મદનજીની સ્વરબધ્ધ કરેલી ગઝલો 'મેલોડીયસ' હતી અને એ ગઝલોમાં વપરાયેલા વિવિધ પ્રકારના વાદ્યોમાં સિતારનું ખૂબ જ મહત્વનુ સ્થાન રહેતું. મદન મોહનજીની ગઝલોનું સંગીત અને સિતારના ઝંકાર એકબીજાના પૂરક બની ગયા હતા. તેમના એક સિતારવાદક ખૂબ જ પ્રિય હતા અને તેમના સંગીતમાં સિતારવાદન એ જ વ્યક્તિ કરતી હતી જે તેમને પ્રિય હતી. એ વ્યકિત હતી ઉસ્તાદ રઈસખાન (૧૯૩૯-૨૦૧૭).

ભારતીય શાસ્ત્રીય સંગીતમાં ઉસ્તાદ રઈસખાનનું સિતારવાદક તરીકે એક મોટું નામ હતું. મદન મોહનજીનું સંગીત અને તેમાં પણ ઉસ્તાદ રઈસખાનનું સિતરવાદન, આ બંનેની જુગલબંધીને કારણે તેમની ગઝલોએ હિન્દી ફિલ્મ સંગીતમાં એક અનેરું, અદકેરું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. ઉસ્તાદ રઈસખાન વિના મદન મોહનજીનું સંગીત અધૂરું રહેતું કારણ કે બંને એકબીજાના પૂરક બની ગયા હતા. મદન મોહનજી અને ઉસ્તાદ રઈસખાન વચ્ચે વ્યાવસાયિક સંબંધો તો હતા જ સાથેસાથે બંને વચ્ચે અંગત સંબંધો પણ ખૂબ જ સારા હતા.

એક દિવસ મદન મોહનજીને ઘેર એક પ્રસંગ હતો. તેમણે ઉસ્તાદ રઈસખાનને એ પ્રસંગ નિમિતે સિતારવાદન માટે નિમંત્રણ આપ્યું અને ઉસ્તાદે તેમના નિમંતરનનો સહર્ષ સ્વીકાર કર્યો. ઉસ્તાદ સાથેના પોતાના વ્યાવસાયિક સંબંધોના નાતે મદન મોહનજીએ પોતાના સેક્રેટરીને સૂચના આપી કે કાર્યક્રમ પૂરો થાય એટલે ઉસ્તાદને તેમની ફીની રકમ પૂછીને તાત્કાલિક ચૂકવી દેવી.

કાર્યક્રમમાં ઉસ્તાદે મન દઈને, દિલથી સિતારવાદન કર્યું. કાર્યક્રમ પૂરો થયો. સેક્રેટરીએ ફીની રકમ પૂછી. ઉસ્તાદે કોઈ જ જવાબ ના આપ્યો. સેક્રેટરીએ મદનજીને જાણ કરી. મદનજીએ પોતે ઉસ્તાદને વિનમ્રતાથી પુછ્યું કે બોલો ઉસ્તાદજી મારે આપને કેટલી ફી આપવાની?

થોડા સમય પછી રઈસખાનને ઘેર એક શુભ પ્રસંગ આવ્યો. તેમણે તએ મદન મોહનજીને એ પ્રસંગ નિમિતે સંગીત પિરસવા માટે નિમંત્રણ આપ્યું. મદન મોહનજીએ એ નિમંત્રણ સહર્ષ સ્વીકાર્યું. એ જ સમયે રાઈસખાને તેમને પુછ્યું કે "મદનજી, બોલો મારે ઘેર કાર્યક્રમમાં સંગીત પિરસવા માટે આપ કેટલી ફી લેશો? " ઉસ્તાદનો પ્રશ્ન સાંભળીને મદન મોહનજી અવાચક થઈ ગયા. તેમના દિલને ઠેસ પહોંચી. તેમને આઘાત લાગ્યો.

એ પ્રસંગ, એ દિવસથી મદન મોહનજીએ પોતાના સંગીત જીવનનો એક કઠોર નિર્ણય લઈ લીધો કે પોતાના સંગીતમાં ક્યારેય ઉસ્તાદ રઈસખાન કે તેમનું સિતારવાદન નહીં હોય.. મદન મોહનજી પોતાના એ નિર્ણયને કાયમ માટે વળગી રહ્યા. મદન મોહનજીની હઠ અને કઠોર નિર્ણયને કારણે એ બંનેની વ્યક્તિઓની જુગલબંધી થકી સર્જાતા સુમધુર, મેલોડીયસ ગઝલોથી હિન્દી ફિલ્મ જગત વંચિત રહી ગયું. બંને વચ્ચેના સંબંધોમાં પણ એક મોટી તિરાડ પડી ગઈ.

આમ જોઈએ તો બંને વચ્ચેની વાત બહુ નાની હતી. મૂળ વાત તો બંને વચ્ચેની નિકટતા અને સ્નેહની જ હતી. એ નિકટતા, સ્નેહ અને પ્રેમમાં વચ્ચે જીદ કે હઠ આવી ગઈ અને સંબંધોમાં મોટી ખાઈ પડી ગઈ. મદન મોહનજી અને રઈસખાનના અંગત સંબંધો વિષે જાણકારોનું કહેવું છે કે બંને વચ્ચે જે ખાઈ પડી ગઈ તે પૂરવા માટે બંને કોઈએ ક્યારેય પ્રયત્ન જ ના કર્યો. બંનેમાથી કોઈએ પણ ક્યારેય આ વાતની સ્પષ્ટતા જ ના કરી. કોઈ ત્રીજી વ્યક્તિએ પણ ક્યારેય બંને વચ્ચે સેતુ બનવાનો પ્રયત્ન ના કર્યો. તેને કારણે એ સંબંધોમાં પડેલી તિરાડ જિંદગીભર વણપૂરાયેલી જ રહી.

માનવીય સંબંધો વિષેના એક સેમિનારમાં તજજ્ઞને એક યુવાને એક ધારદાર પ્રશ્ન પૂછ્યો. એ પ્રશ્ન હતો "માનવીય સંબંધોનું આયુષ્ય કેટલું હોવું જોઈએ? શા માટે વ્યક્તિના સંબંધો કાયમ ટકી નથી શકતા? શા માટે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સંબંધો ટૂંક સમયમાં જ તૂટી જાય છે?

પ્રશ્ન સાંભળીને અન્ય સહભાગીઓમાં પણ સોપો પડી ગયો. થોડી ક્ષણો માટે બધા જ સહભાગીઓ ક્યાક ખોવાઈ ગયા હોય એવું લાગ્યું. બધા જ સહભાગીઓ પણ જાણે પોતાના તૂટેલા સંબંધોની તિરાડોમાથી પોતાના ભુતકાળમાં ડોકિયું કરીને એ તૂટેલા સંબંધોના અવશેષો શોધવાનો પ્રયત્ન કરતાં હોય.

ત્યાર પછી પ્રશ્ન પૂછનાર યુવાન સાથે તજજ્ઞએ અંગત રીતે વાતચીત કરી તો જાણવા મળ્યું કે એ યુવાનના કોઈ જ વ્યક્તિ સાથેનાં સંબંધો લાંબો સમય સંબંધો ટકતા ન હતા. મોટાભાગના મિત્રો સાથે તેને નજીવી બાબતોમાં અણબનાવ બનતો હતો અને અંતે સંબંધો તૂટી જતાં હતા. એવા ઘણા મિત્રો સાથેના તેના સંબંધો તૂટી ગયા હતા. તેને એક યુવતી સાથે મિત્રતા થઈ હતી એ મિત્રતા પણ ક્ષણજીવી બનીને રહી ગઈ હતી. સ્નેહીઓ, સંબંધીઓ, સગા વહાલાઓને એ યુવાનને ભાગ્યે જ મળવાનું થતું હતું તેથી તેઓ સાથે પણ ઔપચારિક સંબંધોથી આગળ વધી શકાતું ના હતું. એ યુવાનને કોઈ અંગત કહી શકાય એવા કોઈ મિત્રો ન હતા. આ બધા કારણોસર એ યુવાન જિંદગીથી હારી ગયો હતો. એ યુવાન જીવનમાં એકલતા અનુભવતો હતો. અને તેને કારણે માનસિક તાણથી પણ પીડાતો હોય એવું લાગ્યું હતું. (ક્રમશઃ)

